વડીલોને વંદન અભિનંદન

કુમુદાબેન જનાર્દન જોષી
(૧૯૩૬)ફોન:૨૩૨૬૦૫૫૬

બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટેનો છેલ્લો રાઉન્ડ

ગાંધીનગર શહેરી વિસ્તારના સેક્ટર-૧ થી ૩૦ તથી જી.ઈ.બી., બોરીજ, આદિવાડા, ઈન્દ્રોડા તથા ધોળાકુવાના બારકોડેડ રેશનકાર્ડ કાઢી આપવાની પ્રક્રિયા ઝોનલ કચેરી, ચોથા માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે ચાલુ છે. જે રેશનકાર્ડ ધારકોને બારકોડેડ રેશનકાર્ડ મેળવવાના બાકી હોય તેમણે સત્વરે ઉપર્યુક્ત કચેરીએ પોતાનું રેશનકાર્ડ જમા કરાવી નવું રેશનકાર્ડ મેળવી લેવાનું રહેશે. આ બારકોડેડ રેશનકાર્ડ માટેનો છેલ્લો રાઉન્ડ હોઈ જે તે રેશનકાર્ડ ધારકોએ જરૂરી પુરાવા રજૂ કરીને પોતાનું રેશનકાર્ડ મેળવી લેવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

બાજ ખેડાવાળ સમાજના વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડાનું વિતરણ કરશે

શહેરમાં વસતા બાજખેડાવાળ જ્ઞાતિજનો માટે બાજખેડાવાળ મંડળ ગાંધીનગર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ચોપડા વિતરણ કરવામાં આવશે. બાજ ખેડાવાળ જ્ઞાતિજનોના વિદ્યાર્થીઓને નોટબુકના ૩૦ રૂપિયા અને ચોપડાના રૂપિયા ૬૦ પ્રતિ ડઝન લેખે આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ ચોપડા-નોટબુક લેવાના હોય તેમણે તા. ૩૦ મે સુધી પ્રમુખ કિરણભાઈ પંડયાના નિવાસ સ્થાનેથી મેળવી લેવાના રહેશે.

ચૌધરી કન્યા વિદ્યાલયનું ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૭.૦૧ ટકા

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૭.૦૧ ટકા આવેલ છે. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરી તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

આનંદીબેન ભારતના ૧૫મા મહિલા મુખ્યમંત્રી

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આજે આનંદીબેન પટેલે શપથગ્રહણ કરવા સાથે તેઓ ભારતના ૧૫મા મહિલા મુખ્યમંત્રી બન્યા છે. અત્યાર સુધી ભારતમાં વિવિધ રાજ્યોમાં ૧૪ મહિલાઓએ મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું.

દેશમાં સૌથી પહેલા મુખ્યમંત્રી તરીકેનું ગૌરવ સૂચેતા કૃપલાણીએ મેળવ્યું હતું. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના મુખ્યમંત્રી તરીકે તેઓએ ૨ ઓક્ટોબર ૧૯૬૩ થી ૧૩ માર્ચ ૧૯૬૭ સુધી શાસન ચલાવ્યું હતું.

દેશમાં કુલ ૧૫ મહિલાઓએ મુખ્યમંત્રીપદ સંભાળ્યા છે તેમાં સૌથી વધુ વખત આ પદે રહેવાનો રેકોર્ડ કોંગ્રેસના શિલા દીક્ષીતના નામે છે. દિલ્હી વિધાનસભાની ગત ચૂંટણીમાં પરાજીત થયા પુર્વે શિલા દીક્ષીતના નામે છે. દિલ્હી વિધાનસભાની ગત ચૂંટણીમાં પરાજીત થયા પૂર્વે શિલા દીક્ષીતે સતત ત્રણ ટર્મ સુધી દિલ્હીમાં શાસન કર્યુ હતુ. ડીસેમ્બર ૧૯૯૮ થી ડીસેમ્બર ૨૦૧૩ સુધી ૫૪૮૪ દિવસો સુધી એકહથ્થુ શાસન કર્યુંહતું.

સૌથી વધુ કાર્યકાળ ધરાવતા મહિલા મુખ્યમંત્રીમાં બીજો ક્રમ રાબડી દેવીનો આવે છે. ૧૯૯૭થી ૨૦૦૫ દરમ્યાન જુદા જુદા ત્રણ તબક્કે ૨૭૪૬ દિવસ સુધી શાસન કર્યુ હતું. ત્રીજા સ્થાને માયાવતીએ ૧૯૯૫ થી ૨૦૦૩ દરમ્યાન જુદા જુદા ત્રણ તબક્કે ૨૫૫૪ દિવસ શાસન કર્યુંછે. ગોવાના પુર્વ મુખ્યમંત્રી શસીકલા કાકોડકરે ૧૯૭૩ થી ૧૯૭૯ સુધી ૨૦૮૪ દિવસ સત્તા ભોગવી હતી. ૨૦૦૦ થી વધુ દિવસો સુધી શાસન કરનારા પાંચ મહિલા મુખ્યમંત્રી છે. ૧૫ મહિલા મુખ્યપ્રધાનોમાં સૌથી નાનો કાર્યકાળ તામીલનાડુમાં જાનકી રામચંદ્રનનો માત્ર ૨૩ દિવસનો હતો. જ્યારે બીજા ક્રમનો સૌથી ઓછો કાર્યકાળ ભાજપના સુષ્મા સ્વરાજનો ૫૧ દિવસનો હતો. આજ દિવસ સુધીમાં કુલ ૧૫ મહિલા મુખ્યમંત્રી બન્યા છે. જેમાંથી પાંચ કોંગ્રેસના, ચાર ભાજપના, બે અન્નાદ્રમુકના અને બસપા, તૃણમુલ કોંગ્રેસ, રાષ્ટ્રીય જનતાદળના એક-એક મુખ્યમંત્રી છે.

મોરબી ખાતે ૨૮મીથી કૃષિ મહોત્સવનો શુભારંભ થશે

મુખ્યમંત્રી આનંદીબેન દ્વારા ખુલ્લો મુકાશે : ઉત્સવમાં કૃષિજ્ઞાન સાથે આધુનિક ટેકનોલોજી વિજ્ઞાનના સમન્વયનો નવતર પ્રયોગ : મોટી સંખ્યામાં લોકો જોડાશે

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કૃષિ મહોત્સવ-૨૦૧૪ને કૃષિજ્ઞાન સાથે આધુનિક ટેકનોલોજીના વિજ્ઞાનને સાંકળીને આ મહોત્સવને હાઈટેક કૃષિ મહોત્સવ બનાવવાની નેમ વ્યક્ત કરી છે. આગામી તા. ૨૮મી મે બુધવારથી યોજાઈ રહેલા રાજ્યવ્યાપી કૃષિ મહોત્સવ-૨૦૧૪ના બહુઆયામી આયોજનને આખરી ઓપ આપવાનું પ્રેરક માર્ગદર્શન આનંદીબેન પટેલે આજે ઉચ્ચસ્તરીય આયોજન બેઠકમાં આપ્યું હતું. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કૃષિ મહોત્સવ-૨૦૧૪નો પ્રારંભ તા. ૨૮મી મે ૨૦૧૪ના મોરબી ખાતેથી કરાવશે. ઉત્તર ગુજરાતના કડી, મધ્ય ગુજરાતના છોટાઉદેપુર તથા દક્ષિણ ગુજરાતના વ્યારામાં એમ ચાર ઝોનમાં કૃષિ મહોત્સવની મેગા ઈવેન્ટ યોજાશે. તેના આયોજનની પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. કૃષિ ક્ષેત્રે ગુજરાતના વિકાસદરના નવા બેંચ માર્ક પ્રસ્થાપિત કરનારા આ કૃષિ મહોત્સવની શ્રૃંખલામાં ૨૦૧૪ના કૃષિ મહોત્સવમાં ધરતીપુત્રોને આધુનિક ટેકનોલોજી જ્ઞાન વિનિયોગથી સજ્જ કરવા આઈ કિસાન પોર્ટલ અન્વયે ખાતર અધિકાર પત્ર યોજનાઓની સંપૂર્ણ માહિતી તથા કૃષિલક્ષી પાક વાર માહિતી અને ક્ષમતા વર્ધન માટે મોબાઈલ એપ્સ લોચીંગના નવતર અભિગમ અપનાવવામાં આવનાર છે તેની વિસ્તૃત રૂપરેખા કૃષિ મહોત્સવની આ આયોજન બેઠકમાં પુરી પાડવામાં આવી હતી.

કૃષિ મંત્રી બાબુભાઈ બોખીરીયા, રાજ્યમંત્રી ગોવિંદભાઈ પટેલ તથા મુખ્ય સચિવ ડો. વરેશ સિન્હા અને વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ ખેત ઉત્પાદનોની ધરતીપૂત્રના ખેતર ઉપર સંગ્રહશક્તિ વૃદ્ધિ તથા તેની આધુનિકતા ઉપર વિશેષ ભાર મુકવાની જરૂરીયાત સમજાવતાં એમ પણ બેઠકમાં કહ્યું કે, આ કૃષિમહોત્સવને મહિલા કિસાનશક્તિ કેન્દ્રીત અને પ્રોત્સાહિત બનાવવાનો નારી કૃષિશક્તિ સશક્તિકરણનો અભિગમ આ વર્ષના કૃષિ મહોત્સવમાં અપનાવવામાં આવશે. પ્રગતિશીલ ધરતીપુત્રોના કૃષિના ઋષિના કૃષિમહોત્સવ અન્વયે સન્માન કરવાની પરંપરામાં આ વર્ષે પ્રગતિશીલ મહિલા કૃષિકારો અને પશુપાલકોનું પણ સન્માન કરવા સાથે પોષણક્ષમ ખેત ઉત્પાદનો દ્વારા તંદુરસ્ત બાળ-તંદુરસ્ત સમાજની નેમ પાર પાડવામાં આવશે.

ડ્રાયવર-પટાવાળાના પરિવારને રાહત થશે

મોદીએ વ્યક્તિગત બચતથી રૂપિયા ૨૧ લાખનું દાન કર્યું

દાનમાંથી કોર્પસ ફંડ : અદના કર્મચારીઓની દિકરીઓના કલ્યાણ માટે યોજના ઘડીને ફાઉન્ડેશન વહીવટ હાથ ધરશે

ગાંધીનગર, તા.૨૩

નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીનું પદ છોડતી વખતે રાજ્ય સરકારના ડ્રાયવરો અને પટાવાળાની દિકરીઓના કલ્યાણ માટે એક અનોખી પહેલ કરી છે.

ગુજરાતમાંથી વિદાય થતાં તેમણે પોતાની બચત મુડીમાંથી રૂા. ૨૧ લાખનું દાન જાહેર કર્યું હતું અને રાજ્ય સરકારના ડ્રાયવરો-પટાવાળાની દિકરીઓના કલ્યાણની યોજના માટે રાજ્ય સરકાર આ દાન વાપરશે તેવી લાગણી નરેન્દ્ર મોદીએ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે રૂા. ૨૧ લાખના આ દાનનું રાજ્ય સરકાર દ્વારા કોપર્સ ફંડ રચાશે. ગુજરાતના મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ તેના વહીવટ માટે ફાઉન્ડેશન કાર્યરત કરશે. ભવિષ્યમાં આ ફાઉન્ડેશન જનભાગીદારીથી વધુ દાન ભંડોળ પણ મેળવી શકશે. કન્યા કેળવણી માટે પ્રતિબધ્ધતા સાથે પ્રત્યેક કન્યા શિક્ષિત બને તેનું અભિયાન નરેન્દ્ર મોદીએ ઉપાડેલું અને પોતાને મળેલી કિંમતી ભેટસોગાદોની હરાજી કરીને તેમજ જનભાગીદારીથી મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં રૂા. ૮૯.૯૬ કરોડથી વધુ ભંડોળ એકઠું કરેલું, તે ઉપરાંત હવે અદના કર્મચારીઓની દિકરીઓના કલ્યાણ માટે તેમણે રૂા. ૨૧ લાખના દાનની આ રકમ રાજ્ય સરકારને ફાઉન્ડેશન બનાવવા સુપરત કરી છે.

મુખ્ય દંડક તરીકે પંકજ દેસાઈ અને નાયબ મુખ્ય દંડક તરીકે આત્મારામ પરમાર નિમાયા

ગાંધીનગર, તા.૨૩

નવ રચીત સરકારના પ્રવકતા તરીકે રાજયના માર્ગ મકાન મંત્રી નિતીનભાઈ પટેલ અને ઉર્જામંત્રી સૌરભભાઈની નિમણુંક કરવામાં આવી છે.

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલે ગઈ કાલે શપથગ્રહણ કર્યા તેની સાથે તેમના પ્રધાન મંડળના ૨૦ સભ્યોને પણ પ્રધાન તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

ગઈ કાલે નવી સરકારની રચના કરવામાં આવ્યા બાદ આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે રાજય સરકારના બે પ્રવકતાઓની વરણી કરવા સાથે વિધાનસભા ભાજપ પક્ષના મુખ્ય દંડક તરીકે પંકજ દેસાઈની પુનઃ વરણી કરવામાં આવી છે.

જયારે નાયબ મુખ્ય દંડક તરીકે આત્મારામ પરમાર અને દંડક તરીકે આર.સી. પટેલની વરણી કરવામાં આવી છે.

ઋષિકેશ-૨ પાસે ભેખડ ઘસી પડતા એકનું મોત

અમદાવાદ, તા.૨૩

શહેરના નવરંગપુરા વિસ્તારમાં બની રહેલ ઋષિકેશ-૨ બિલ્ડીંગમાં ભેખડ ઘસી પડતા કામ કરતાં મજુરનું કરૂણ મોત નિપજ્યું છે. ઘટનાની જાણ ફાયરબ્રિગેડ તેમજ પોલીસને કરતાં તરંત જ ફાયરના જવાનોનો કાફલો ઘટના સ્થલે દોડી આવ્યા હતા. અને ભેખડ અને ભેખડ નીચે ગટાયેલા મજુરને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. ફાયરબ્રિગેડના જવાનોએ ત્રણ કલાકની ભારે જહેમત બાદ મૃતક મજુર સુરેશભાઈ ચાવડાનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ઋષિકેશ બિલ્ડીંગના ભોંયરામાં સિલિંગ બાંધવાના કામ માટે ચાર મજુરો કામ કરી રહ્યા હતા તે દરમ્યાન એકાએક ભેખડ ઘસી પડતા ત્રણ મજુરો બહાર નીકળી ગયા હતા અને સુરેશભાઈ બહાર ન નીકળી શકવાના કારણે તેમનું દટાય જવાથી મોત થયું હતું. બહાર નીકળેલા મજુરો માની રહ્યા છે કે સુરેશભાઈની ઉંમર વધુ હોવાના કારણે તે ઝડપથી બહાર નીકળી શક્યા ન હતા. પરીણામે તેમણે તેમને જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. ત્યાંના સ્થાનિકોનો દાવો છે કે બિલ્ડરને બેદરકારી ભર્યું કામ કરવા બદલ પહેલા પણ એક વાર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટીસ આપવામાં આવી હતી તેમજ બાંધકામ પર સ્ટે મુકવામાં આવ્યો છે. થોડા સમય પછી ફરીથી બાંધકામ શરૂ કર્યું હતું અને દુર્ઘટના સર્જાઈ હતી ઘટના અંગે ફાયરબ્રિગેડ તેમજ પોલીસને કંઈ પણ જાણ નથી.

રવિવારે લેવાનારી 'ટાટ'ની પરીક્ષાના કોલ લેટર 'ઓજસ' પરથી ન નિકળતા ઉમેદવારો અટવાયા

પોસ્ટ ઓફિસમાં ફી ભરી દીધી હોવા છતાં 'તમારી ફી ભરેલ નથી' તેવા મેસેજ સાથે કોલલેટર પ્રિન્ટ ન થયા : ઘણા દૂરના ઉમેદવારોએ સગાસંબંધીઓને દોડાવી કોલ લેટર મેળવ્યા, ઘણા વંચિત

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્યમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો માટેની 'ટાટ'ની પરીક્ષા તા. ૨૫મી મે રવિવારે યોજાનારી છે. રાજ્યભરમાંથી લગભગ ૭૮૦૦૦ જેટલા ઉમેદવારોએ આ પરીક્ષા આપવા માટે અરજી કરી છે. પરંતુ કેટલાય ઉમેદવારોનો પોસ્ટઓફીસ દ્વારા ફી ભરી દીધી હોવા છતાં ઓનલાઈન પોર્ટલ 'ઓજસ'માંથી 'તમારી ફી બાકી છે' તેવા વાંધા સાથે કોલ લેટર પ્રિન્ટ ન થવાથી ઉમેદવારો અટવાઈ પડ્યા છે. આમાંથી કેટલાક ઉમેદવારોએ જાતે અથવા સગા સંબંધી મિત્રો મારફતે ગાંધીનગરના સે. ૧૦માં આવેલ માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીએ 'કોલલેટર' લેવા દોડતા થઈ ગયા છે.





ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી 'ટાટ'ની પરીક્ષામાં સરકારના ઓનલાઈન જોબ એપ્લીકેશન સીસ્ટમ 'ઓજસ' વેબ પોર્ટલ પરથી ઉમેદવારોએ પરીક્ષામાં બેસવા માટેના કોલ લેટર એટલે કે 'હોલ ટીકીટ'ની પ્રિન્ટ કાઢવાની હતી. ઓનલાઈન અરજી કરતી વખતે પરીક્ષાની ફી રૂપિયા ત્રણસો અને પોસ્ટેજ ચાર્જના રૂપિયા બાર મળીને કુલ ત્રણસો બાર રૂપિયા પોસ્ટ ઓફિસમાં ભરીને 'ઓજસ' પર તેની વિગત ભરવાની હતી જેથી કોલ લેટર પ્રિન્ટ કરી શકાય. ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં ફી ભરીને તેની પહોંચ પર આપેલા કન્ફર્મેશન નંબર સાથે આ ઓનલાઈન વેબ-પોર્ટલ પર વિગતો ભરી હતી. પરંતુ ઘણા ઉમેદવારોને 'તમે પોસ્ટ ઓફિસમાં ફી ભરેલ ન હોવાથી કોલ લેટર મળવાપાત્ર નથી ! વધુ માહિતી માટે વિભાગનો સંપર્ક કરો.' આવા મેસેજ ડીસ્પ્લે થતા ઉમેદવારો ઘેરી ચિંતામાં સપડાઈ ગયા હતા. ફી ભરી હોવા છતાં ફી બાકી દેખાડતા કેટલાક ઉમેદવારો પોસ્ટ ઓફિસ ઘસી ગયા હતા. પરંતુ પોસ્ટ ઓફિસની સીસ્ટમમાં ફી ભરેલ દેખાડતા તેઓ વધુ મુંઝાઈ ગયા હતા.

જે ઉમેદવારો ગાંધીનગરથી દૂર રહેતા હતા જેમ કે જામનગર, રાજકોટ, અમરેલી, વાપી કે કચ્છ તેવા ઉમેદવારોએ ફોન પર વિભાગનો સંપર્ક કરતા તેમને કોઈ પ્રતિનિધિને ફી ભર્યાના તમામ દસ્તાવેજી પુરાવા સાથે રૂબરૂ કોલલેટર લેવા મોકલવા જણાવવામાં આવ્યું હતું. આથી જેમના સગા સંબંધી કે મિત્ર ગાંધીનગરમાં કે નજીક રહેતા હોય તેમણે તેમને બધા ડોક્યુમેન્ટ સ્કેન કરીને કે ફોટો પાડીને ઈમેલ કે મોબાઈલ દ્વારા મોકલી કોલલેટર મેળવવા વિનંતી કરી હતી. તેમજ નજીકના ઉમેદવારો જાતે જ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ઓફિસે પહોંચી ગયા હતા. ભારે ભરચક પછી તેમને નવા હેન્ડ રીટન કોલલેટર ત્રણ કોપીમાં ઈશ્યુ કરાયા હતા. જો કે જે બહારગામના ઉમેદવારોએ આ કોલલેટર મેળવવા પોતાના પ્રતિનિધિ મોકલ્યા હતા તેમને કોલ લેટરના ફોટા પાડી કે સ્કેન કરી મોબાઈલ કે ઈમેલ દ્વારા કોલ લેટર મેળવ્યા હતા. પરંતુ શિક્ષણ ખાતાના કર્મચારીના જણાવ્યા મુજબ ઓરીજીનલ કોલલેટર વગર ઉમેદવારને પરીક્ષામાં બેસવા નહી દેવાય તો આ સંજોગોમાં આવા ઉમેદવારોનું ભાવિ અધ્ધરતાલ લટકવા પામ્યું છે. પ્રતિનિધિઓનએ મેળવેલ કોલ લેટર કુરિયર કે પોસ્ટ કરવામાં પણ પરીક્ષા આડે એક દિવસ હોવાથી તે સમયસર મળી શકશે કે કેમ તે યક્ષ પ્રશ્ન પણ ઉપસ્થિત થવા પામ્યો છે.

આમ સરકારના 'ઓજસ' પોર્ટલના છબરડાને કારણે ઘણા ઉમેદવારો 'ટાટ'ની મહત્વની પરીક્ષાથી વંચિત રહી જશે તેવા સંજોગો ઉભા થયા છે. આ પ્રકારના સંજોગોમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી કોલલેટર મેળવી શકવાની સગવડ કેમ ના કરી શકાય. અથવા તો કોલલેટરની 'સોફ્ટ કોપી' ની પ્રિન્ટ પરીક્ષામાં પ્રવેશ માટે ચલાવી શકાય તેવા વિકલ્પો શિક્ષણ વિભાગ દ્વારા ખુલ્લા રાખવા જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

કૃષિરથ સાથે વિવિધ માહિતી અને ખેડૂતો સાથે ચર્ચાસભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં દસમા કૃષિ મહોત્સવ૨૦૧૪ અંતર્ગત સમગ્ર જિલ્લામાં તાલુકા પંચાયતની સીટ અનુસાર ૯૫ ગામોમાં કૃષિ રથ ફરનાર છે. કૃષિ રથ તાલુકા પંચાયતની સીટ અનુસાર નક્કી થયેલ ગામમાં સવારના ૮.૩૦ કલાકે પહોંચી જશે. બપોરના ૧.૦૦ કલાક સુધી ખેડૂતોને કૃષિ સંલગ્ન માહિતી આપવા સાથે અન્ય કાર્યક્રમ યોજાશે. કૃષિ મહોત્સવ કાર્યક્રમ જે ગામમાં યોજાશે ત્યાં તાલુકા પંચાયત સીટમાં સમાવિષ્ટ ગ્રામજનો માટે સવારના ૮.૩૦ થી ૧.૦૦ કલાક સુધી પશુપાલન ખાતાના અધિકારીશ્રીઓ અને પશુપાલન વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા પશુ આરોગ્ય કેમ્પ અને પશુ સારસંભાળ માટે માર્ગદર્શન અપાશે.

કૃષિ રથ સવારના ૮.૩૦ કલાકે ગામમાં -સ્થાન કરશે. ત્યાર બાદ સવારના ૮.૩૦ કલાક થી ૮.૪૦ સુધી જીજીઆરસી, જીએલડીસી અને ડી.આર.ડી.એ દ્વારા સૂક્ષ્મ પિયત, જળ સંચય અને જળસંગ્રહ અંગેની સમજ અપાશે. તે પછી ૧૦ મિનીટ સુધી કૃષિ રથ ટીમ દ્વારા ખેડૂતોને ઉપયોગી થાય તેવા સાહિત્યનું વિતરણ કરાશે. સવારના ૮.૫૦ થી ૯.૨૦ કલાક દરમ્યાન કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા કૃષિ વૈજ્ઞાનિકનું પાક વિષયક તેમજ કંટીજન્સી પ્લાન અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સ્થાનિક -ગતિશીલ ખેડૂતો દ્વારા સવારના ૯.૨૦ થી ૯.૪૦ કલાક દરમ્યાન અનુભાવોનું અદાન -દાન કરાશે. તે ઉપરાંત સવારના ૯.૪૦ થી ૧૦.૦૦ કલાક સુધી કૃષિ રથની ટીમ દ્વારા સહાય યોજના અંતર્ગત ફોર્મનું વિતરણ અને ઓન લાઈન એપ્લીકેશન કરવા અંગેની સમજ આપવામાં આવશે. ૧૦.૦૦ થી ૧૦.૧૦ કલાક સુધી કૃષિ ટીમ દ્વારા આઈ. કિસાન પોર્ટલ અને મોબાઈલ એપ્સ અંગેની સમજ આપવામાં આવશે. કૃષિ ટીમ દ્વારા ખાતર અધિકાર પત્ર વિતરણ તેમજ તેના ઉપયોગ અંગેની જાણકારી સવારના ૧૦.૧૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન આપવામાં આવશે. કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને મુંજવતા -ની ચર્ચા અને સ્થળ પર નિરાકરણ ૧૦.૩૦ થી ૧૧ કલાક દરમ્યાન કરવામાં આવશે. ત્યાર બાદ કૃષિ રથ ટીમ દ્વારા ૧૧.૦૦ કલાક થી ૧૧.૩૦ કલાક દરમ્યાન કૃષિ કિટસ, માઈક્રો ન્યુટ્રીયન્ટ હેલ્થ કાર્ડ અને કીટનું વિતરણ કરવામાં આવશે. આત્મા -ોજેકટ ડાયરેકટર દ્વારા ૧૧.૩૦ કલાક થી ૧૧.૪૦ કલાક સુધી ફાર્મસ ફ્રેન્ડને મહેનતાણાની ચુકવણી (આઈ. કિસાન પોર્ટલ પર નોંધણી માટે) કરવામાં આવશે. ૧૧.૪૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન કૃષિ રથ ટીમ દ્વારા નાબાર્ડ અંતર્ગત કૃષિ પેદાશ ફાર્મ સ્ટોરેજ સહાયિત યોજના અંગેની જાણકારી આપવામાં આવશે. કૃષિ મહોત્સવ કાર્યક્રમના અંતિમ ચરણ એટલે કે સવારના ૧૨.૦૦ કલાક થી ૧૩.૦૦ કલાક દરમ્યાન એગ્રોફોરેસ્ટ્રી અંગે માર્ગદર્શન, ખેત ઉત્પાદન વધારવા જે તે વિસ્તારને અનુરૂપ સી.ડી. મારફતે જીવંત -સારણ અને -ગતિશીલ વક્તા ખેડૂતોનું સન્માન કરાશે.

જિલ્લામાં કૃષિ મહોત્સવને સફળ બનાવવા ચાર તાલુકાના વિવિધ ગામો જયાં કૃષિરથ સાથે કાર્યક્રમ યોજાવાનો છે, તે માટે વિવિધ અધિકારીઓ કર્મચારીઓ, લાયઝન અધિકારીઓને રૂટ વાઈઝ કામગીરી સોંપવામાં આવી છે.

કાર અને બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત : ચારના કરુણ મોત

માર્ગ દુર્ઘટનામાં અન્ય ત્રણ લોકો ગંભીરરીતે ઘાયલ થયા

અમદાવાદ, તા.૨૩

શહેરના બગોદરા હાઈવે પર આજે એક ગમખ્વાર અકસ્માતની ઘટના પ્રકાશમાં આવી છે. કાર અને બસ વચ્ચે થયેલા આ અકસ્માતમાં ચાર લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે જયારે ત્રણ લોકો ગંભીર રૂપથી ઘાયલ થતા તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી વિગત અનુસાર, આજે બપોરના સમયગાળા દરમિયાન બગોદરા હાઈવે પર કાર અને લક્ઝરી બસ વચ્ચે ઘડાકાભેર અકસ્માત થયો હતો. જેમાં કારના ભુક્કા બોલાઈ ગયા હતા. પ્રાથમિક તપાસમાં આ કાર સુરેન્દ્રનગરની હોવાનું જાણવા મળ્યું હતું. આ કારમાં ગેલાભાઈ રાઘડભાઈ (૩૦ વર્ષ), રાવતભાઈ અજુભાઈ રબારી (૨૦ વર્ષ), દેવકટારા કાનાભાઈ (૩૨ વર્ષ), જીગાભાઈ વસરામભાઈ (૨૦ વર્ષ)ના કરુણ મોત નીપજ્યા હતા. જયારે ૨૫ વર્ષીય સંદિપભાઈ, ૨૮ વર્ષીય અમિરભાઈ અને ૩૦ વર્ષીય અશોકભાઈ ગંભીર રૂપથી ઘાયલ થઈ ગયા હતા. આ અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. કાર અને લક્ઝરી બસ વચ્ચે ઘડાકાભેર અકસ્માત બાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શુભેચ્છકોની ભીડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીથી લઈ સૌ કોઈએ ગુલદસ્તાઓ આપી શુભેચ્છા પાઠવી હતી. રાજકીય કાર્યક્રમોને શહેરમાં અંદાજે ૫૦૦ થી વધુ ગુલદસ્તાઓનું વેચાણ થયું હતું. પરિણામે ફુલોના વેપારીઓ પણ ખુશ થઈ ઉઠ્યા હતા.

રંગબેરંગી ગુલદસ્તાને અર્પણ કરનાર અને તેને સ્વીકાર બન્નેના ચહેરા પર ખાસ પ્રસંગે અનોખી ખુશી છલકાવી દે છે. એટલે જ કુદરતની આ અનોખી સુંદરતા 'રંગબેરંગી ફૂલો' લોકોને પ્રફુલ્લીત કરી દે છે.

શહેરનું ૯૭.૧૪ ટકા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર શહેરની શાળાઓના છે. સી.સી.ટી.વી. કેમેરાના આધારે હાથ ધરાયેલ ફુટેજ નિરિક્ષણની પરીક્ષા અન્વયે જિલ્લામાંથી એક પણ વિદ્યાર્થીનું પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યું નથી. જયારે રાજયમાં પરિક્ષાની કાર્યવાહી દરમિયાન સુપરવિઝનની કામગીરીમાં નિષ્ક્રિય હોય તેવા ૯૯ શિક્ષકોને નોટીસ આપવામાં આવી છે. રાજયમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૯૬ જેટલી નોંધાઈ છે. જયારે ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી ૧૦ શાળાઓ ધ્યાને આવી છે. પરીક્ષા દરમિયાન ગેરરીતીના ૩૫૨ કિસ્સામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે સમગ્ર રાજયમાં ૩૦૬ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. સૌથી વધુ પરિણામ અસારવા, ગોંડલ અને ધંધુકા કેન્દ્રનું ૧૦૦ ટકા જાહેર કરાયું છે. જયારે છોટા ઉદેપુરનું પરિણામ માત્ર ૫૫.૧૬ ટકા નોંધાયું છે.

શબ્દાવલી - ૫૪૦૦



આડી ચાવી

૧. રખડતું, ભટકતું (૪)
૫. તોછડાઇ (થી બોલવું) (૩)
૮. દ્વાર, બારણું (૪)
૯. ધણી, શેઠ (૩)
૧૦. ગુનો, ભૂલ (૩)
૧૧. કર્તા હર્તા (૪)
૧૩. બુમ પાડીને રડવું તે (૨)
૧૫. કર્મ, જેવી... તેવી ભરણી (૩)
૧૬. પૃથ્વી, ધરા (૩)
૨૦. છરી, કરવતી (૨)
૨૧. તાલુકો, જમીન મહેસૂલ(૪)

ઊભી ચાવી

૧. યાદ રહી જાય તેવું (૪)
૨. મિત્ર, દોસ્ત (૨)
૩. 'વાવ' શબ્દ ઊંધો થયો(૨)
૪. રજોપ્રધાન ગુણવાળું (૪)
૫. મિજાજી, અભિમાની (૩)
૬. કાળકા મા, એક દેવી (૨)
૭. રોકવું કે ટોકવું તે (૨)
૧૨. શેષનાગ કે વિષ્ણુ (૫)
૧૪. એક ધાન્ય (૨)
૧૫. કૂચે, સંજવારી (૩)
૧૬. ભૂતકાળ (૩)
૧૭. નિકાસ કરવા યોગ્ય (૩)
૧૮. ઘાતક, મર્મવેધી (૩)

શબ્દાવલી ૫૩૯૯ના જવાબ

આડી ચાવી :- (૧) આશાતંતુ (૪) રાક્ષસ (૬) દુરાગ્રહ (૭) કાફર (૯) તપસ્યા (૧૧) અસ્તબલ (૧૩) અલિ (૧૪) કવીતા (૧૬) લત (૧૭) રીસ (૧૯) નડ (૨૦) જઇફ (૨૧) બાફ (૨૨) સ્તર (૨૩) દર (૨૪) બીલી

ઊભી ચાવી :- (૧) આશંકા (૨) તંદુરસ્ત (૩) તુરા (૪) રાહત (૫) સમસ્યા (૮) ફઅલિત (૧૦) પરવીન બાબી (૧૨) બકરી ઇદ (૧૩) અસમસ્ત (૧૫) તાડફલી (૧૮) સફર